# અરવલ્લીમાં કપાસના યોગ્ય ભાવ ન મળતાં ખેડૂતોની હાલત કફોડી

## ખેડૂતો કપાસના બદલે અન્ય પાક તરફ વળશે : બોનસ ખેડૂતોને લોલીપોપ સમાન

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે કપાસની ખેતી કરતાં ખેડૂતોની હાલત ભારે કફોડી થઈ ગઈ છે. એક તરફ પ્રતિકુળ વાતાવરણ ન મળતાં ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જયારે સામે ભાવને મામલે પણ ખેડૂતોનું ભરપુર શોષણ થઈ રહ્યું છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સરકારની હાર માટે આ ભાવનું કારણ પણ જવાબદાર હોવા છતાં સરકારની આંખ ઉઘડતી નથી. કપાસ માટે ટેકાના ભાવ ઉપરાંત બોનસ પેટે જાહેર કરેલા રૂ.૧૧૦ ઉત્પાદનની સાપેક્ષમાં ઉત્પાદન ખર્ચે વધુ હોવાથી આ જાહેરાત લોલીપોપ સાબિત થઈ રહી છે. જો આમ જ ચાલ્યું તો અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રો આગામી સમયમાં કપાસની ખેડી છોડી અન્ય ખેતી તરફ વળી જશે. તેમાં બે મત નહિ.

અરવલ્લી જિલ્લામાં કપાસનું મોટાપાયે વાવેતર થાય છે. પરંતુ ચાલુ વર્ષે શરૂઆતથી જ કપાસના પાકમાં સુકારા સહિતના રોગો આવી જતા ઉત્પાદન પર વિપરીત અસર થઈ છે. સો ટકાની સામે ત્રીસથી ચાલીસ ટકા જેટલું જ ઉત્પાદન થવાથી ખેડૂતોની હાલત ભારે દયનીય થઈ ગઈ છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં અન્ય પરિબળોની સાથે સાથે ગામડાઓમાં સરકારે જાહેર કરેલા ટેકાના ભાવ ઘણા ઓછા હોઈ પરવડી શકે તેમ ન હોવાથી સરકારની ગોર ખોડી નાખી હતી. મોડાસા માર્કેટયાર્ડમાં ઠલવાતો કપાસનો જથ્થો નહિવત હોવાથી કપાસની ખરીદી કરતાં વેપારીઓને પણ ધંધામાં ભારે નિરાશા પ્રસરી છે. વેપારીઓ પણ કપાસના ભાવ ઊંચકાય અને ખેડૂતોને બે પૈસા ફાયદો થાય અને તેમનાં ધંધામાં તેજી આવે તેમ ઈચ્છી રહ્યા છે.

તાજેતરમાં સરકારે ૨૦ કિલો કપાસમાં રૂ.૧૧૦ બોનસ આપવાની જાહેરાત કરી છે. ઉનાળામાં પિયત ધરાવતા ખેડૂતોએ વહેલું વાવેતર કર્યું હતું તે કપાસ વહેલો પાકી જતા ખેડૂતોને સસ્તાભાવે વેંચી દેવો પડ્યો હતો. જેમને બોનસનો લાભ મળવાનો નથી. સરકારે કરેલ જાહેરાતમાં સીસીઆઈ મારફતે જ વેચાણની શરત મૂકી છે. સીસીઆઈએ કપાસ ખરીદવાના સેન્ટર શરુ કર્યા નથી. એટલે સરકારે બોનસ આપવાની જાહેરાતનો અમલ થઈ શકે તેમ નથી. ઉલ્ટાનું વેપારીઓ આ યોજનાનો લાભ લઈ જશે. કપાસની ખેતી કરનાર ખેડૂતોને ૧૨૦૦ રૂ.થી ઓછા ભાવ પોસાય તેમ નથી.



અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર અને અન્ય વિસ્તારોના શાકભાજી માર્કેટ અને મુખ્યમાર્ગ પર શિયાળાની શરૂઆત થતાની સાથે જ આરોગ્યવર્ધક અને રોગપ્રતિકારક શકિત વધારતા વિટામીન એ અને અન્ય વિટામીન સાથે મીનરલ્સથી ભરપૂર એવા ગાજરથી ભરેલી લારીવાળા ફેરીયાઓ ઠેર ઠેર વેચતા નજરે પડે છે. ગાજરનો ઉપયોગ જિલ્લાની ગૃહિણીઓ ગાજરનો હલવો, જયુસ અને સબ્જીમાં રોજબરોજ ઉપયોગમાં લેવાની સાથે ભારે ખરીદી કરી રહી છે.

# ખેડબ્રહ્મા કૉલેજમાં વિદાય-સમારંભ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૩

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આટ્ર્સ અને કે.જે. પટેલ કોમર્સ કૉલેજ ખેડબ્રહ્માના કોમર્સ વિભાગમાં છેલ્લા ૧૩ વર્ષથી B. Law ના મુલાકાતી અધ્યાપક તરીકે સેવા આપતા પ્રા. રમેશ પટેલ 'ક્ષ' (જાણીતા હાસ્યલેખક, કવિ, કટારલેખક, સંગીતજ્ઞ) સેવા-નિવૃત્તત થતાં, ટ્રસ્ટના મંત્રી જેઠાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ટ્રસ્ટના કારોબારી સભ્ય અંબિકાબેન સુથાર તથા અતિથિ વિશેષ તરીકે જગદીશભાઈ ભટ્ટ તથા પ્રા. રમેશ પટેલના ધર્મપત્ની પ્રા. નીલીમાબેન (અર્થશાસ્ત્ર વિભાગ, આટ્ર્સ-કોમર્સ કૉલેજ, ઈડર) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ સંસ્કૃત વિભાગના પ્રા. હીનાબેન ભોજકે રજૂ કરેલ પ્રાર્થનામય સરસ્વતી-વંદનાથી થતો હતો.એ પછી સંસ્થાના આચાર્ય એન.ડી. પટેલે પ્રસંગની ભૂમિકા રજૂ કરતાં રમેશ પટેલના વ્યક્તિત્વનાં વિધવિધ પાસાંને ઉલ્લેખી, પ્રસંગમાં ઉપસ્થિત સૌ કોઈનું શાબ્દિક આવકાર-સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પ્રા. રમેશ પટેલને કોમર્સ વિભાગ, સંસ્થા, ટ્રસ્ટ તથા વિદ્યાર્થીગણ તરફથી વિવિધ શુભેચ્છા-સન્માન ભેટ અપાઈ હતી. એ પછી કોમર્સ વિભાગના વડા ડૉ. મહેન્દ્ર પરમારે, તેમના વિભાગના વિદ્યાર્થઈઓએ, સ્ટાફ પ્રતિનિધિ ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટે, શૈક્ષણિક સ્ટાફના મોસ્ટ સિનિયર ડૉ. કે.એન.બ્લોચે, કાર્યાલય સ્ટાફના પ્રતિનિધિ મ.હ. પટેલે, નિમંત્રિતોમાં ઉપસ્થિત જેઠાભાઈ પટેલે પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. તેમાંથી પ્રા.રમેશ પટેલનું એક નિષ્ઠાવાન અભ્યાસી તરીકેનું ઈમાનદાર માણસ તથા વકીલનું, ઉમદા મિત્ર તરીકેનું, સારા સંગીતજ્ઞ તરીકેનું, સફળ હાસ્ય-લેખક તથા કવિ તરીકેનું ને એમ સમગ્ર રીતે જોતાં એક અજાતશત્રુ આદમી તરીકેનું વ્યક્તિત્વ ઉપસી આવ્યું હતું.





અરવલ્લી જીલ્લાના જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર એસ.છાકછુઆકની અધ્યક્ષતામાં મોડાસાની એચ.એલ.પટેલ સરસ્વતી વિદ્યાલયમાં શ્રી જાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા મંડળ ડીસા અને અરવલ્લી જીલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદ મોડાસાના સંયુક્ત ઉપક્રમે વિશાળ સેમીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં કલેકટર ઉપરાંત મામલતદાર, તથા કા.પા.ગ. ના ડીરેક્ટર કિશોરભાઈ દવે સા. તથા ગાંધીનગર ફોરમના પ્રીતીબેન પંડ્યા, તથા કાનૂની માપ વિજ્ઞાન તંત્રના મદદનીશ નિયામક કે. એસ. નીનામા તથા ઉમાં કેળવણી મંડળના પ્રમુખ મોહનભાઈ પટેલ, ફૂડ ઈન્સ્પેકટર કે. એ. ઓડ, શાળાના આચાર્ય ડૉ. જિજ્ઞેશ સુથાર, જાગૃત નાગરિક સુરક્ષા મંડળના મંત્રી પ્રીતેશ શર્મા અરવલ્લી જીલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદ ના પ્રમુખ સીરાજભાઈ મન્સૂરી, પ્રાંતિજ ગ્રાહક સુરક્ષા મંડળના નટુભાઈ બારોટ વિગેરે હાજર રહી ગ્રાહકોના અધિકાર,ગ્રાહકોને પડતી મુશ્કેલીઓ ગ્રાહકોની સમસ્યાઓ અને તેનો નિકાલ ગ્રાહક સુરક્ષા કાયદાની જોગવાઈઓ, ખોરાકમાં થતી ભેળસેળ અને તેમાંથી સુરક્ષિત રહેવાની બાબતોના વિષયને લઈ મનનીય ઉદબોધન કર્યુ હતું. કાર્યક્રમમાં ખોરાકમાં થતી ભેળસેળ અંગે નિદર્શન પણ યોજ્યું હતું. તેમજ ગ્રાહકોને ઉપયોગી વિવિધ વિષય ના પેમ્પલેટનું વિતરણ કરાયું હતું. મોડાસામાંથી મોટી સંખ્યામાં વેપારીઓ સદ્ ગૃહસ્થો અને કર્મચારિયો અને વિદ્યાથીઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહી ગ્રાહક શિક્ષણ નો લાભ લીધો હતો.

# મોડાસા રોશનીથી ઝળહળી ઉઠયું





### આજે ઈદે મિલાદ ઉલ્હક

મોડાસા, તા. ૨૩

ઈસ્લામ ધર્મ ના સ્થાપક અને શાંતિ પ્રેમના એકતા ભાઈચારાનો સંદેશ હજરત મહોમદ પયગંબર સાહેબ નો જનમ દિવસ ઈદે મિલાદના પર્વ નિમિતે મોડાસા શહેર રોશનીથી ઝળહળી રહ્યું હતું અને આખા શહેરમાં ઉજવણીનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

વીઓ ૧ મોડાસાના મુસ્લિમ બિરાદરો ધ્વારા આજે ઈદે મિલાદ



માનવામાં આવી છે છેલ્લા ૧૦ દિવસ થી મસ્જીદો તથા મકાનો અને શહેરોને લોકો એ લાઈટ ની રોશનીથી સજાવી દેવામાં આવ્યું હતું કુરાને શરીફની તીલાવતો તાકીરો અને નાત સરિફથી મસ્જીદો ગુંજી રહી છે અને લોકો આ તહેવારને ઈબાદતમાં માનવી રહ્યા છે.

મોડાસાના મુસ્લિમ વિસ્તારોમાં રંગેબેરંગી લાઈટ લગાવીને સજાવી દેવામાં આવી છે અને સાથે સાથ ગણી બધી દરગાહ અને મક્કા મદીનાની કલાકૃતિઓ પ્રદશન માં મુકવામાં આવી છે જેને જોવા લોકોના તોડે ટોળા ઉમટી પડ્યા હતા. આ કલાકૃતિ જોઇને લોકો ખુશ થઇ ગયા હતા. આમ મોડાસા વાસીઓએ આ તહેવારની ધામધૂમ થી ઉજવણી કરી હતી.

અરવલ્લી જીલ્લાના મોડાસા બાયડ ધનસુરા માલપુર મેગરજ સાઠંબામાં દાવતે ઈસ્લામી અને મુસ્લિમો ધ્વારા ભવ્ય જુલુસ કાઢવાની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે આ જુલુસ માં મોટી સંખ્યા માં મુસ્લિમ બીરાદરો જોડાશે તેમજ સાથે સાથે હજરત મહોમદ પયગંબર સાહેબના બળ મુબારકના દર્શન પણ કરશે એ મુખ્ય બાબત છે અત્રે



ઉલ્લેખનીય છે કે પયગંબર સાહેબનો જન્મ દિવસ અને મૃત્યુ દિવસ એક જ હતો અને ટાઈમ પણ એક જ હતો આજે તેમની યાદમાં ઈદે મિલાદ માનવામાં આવે છે.

# અરવલ્લી - સાબરકાંઠાને અલગ યુનિવર્સિટી આપવા આચાર્યોની માગ

મોડાસા, તા. ૨૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાને સ્વતંત્ર ઉનીવાર્સીત્ય આપવા માટે કેન્દ્ર સરકારની દરેક જીલ્લાને અલગ ઉનીવાર્સીત્ય ફાળવી આપવાની નીતિ અંતર્ગત ઝડપથી નિર્ણય લેવામાં આવે તેવી માંગ બંને જીલ્લાના શિક્ષણ વિદો અને વિદ્યાર્થીઓ દ્વારા કરાઈ છે

વીઓ ૧- અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લાના મોટાભાગના તાલુકાઓમાં પછાત જાતિની વસ્તી વિશેષ પ્રમાણમાં છે આ વસ્તીના વિદ્યાર્થીઓ કોલેજ શિક્ષણ મેળવવા પણ તત્પર હોય છે પરંતુ કોલેજ શિક્ષણ દરમ્યાન વિદ્યાર્થીઓને આપવામાં આવતી ડીગ્રીઓ ઉત્તરગુજરાત યુની.પતન દ્વારા અપાય છે કેટલીકવાર વિદ્યાર્થીઓ ને ટેકનીકલ મુશ્કેલી ઉભી થાય કે ડીગ્રી સર્ટીફીકેટ ખોવાઈ જાય તો ફરજીયાત પાને પતન સુધીના ધરમધક્કા ખાવા પડે છે ત્યારે વિદ્યાર્થીઓને અને શિક્ષણવિદો તેમજ બંને જીલ્લાની કોલેજોના વિદ્યાથીઓના હિતમાં રાજ્યસરકાર દ્વારા અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લાના માટે સયુંકત યુનિ. ફાળવી આપે તે અત્યંત આવશ્યક છે

કેન્દ્ર સરકાર ધવારા નક્કી કરાયેલ નવી નીતી જીલ્લાના દરેક જિલ્લામાં એક સ્વતંત્ર યનિ.આવી તેનો અમલ કરવા રાજ્ય સરકારે ગોધરા વિસ્તાર માં ૮૦ કોલેજો હોવા છતાં અલગ યુનિ.ફાળવી આપી છે. જયારે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં ૧૦૨ થી વધુ કોલેજો હોવા છતાં આ જિલ્લાઓને યુની. ફાળવી આપવામાં આત્યાર્સુધી કોઈ જ રસ દાખવવામાં આવ્યો નથી ત્યારે મોડું તો મોડું પણ સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાને સંયુકત યુની.ફાળવી આપવામાં આવે તે ઉચ્ચત્તર શિક્ષણ મેળવતા વિદ્યાથીઓ માટે અગત્યનું બની રહેશે.

# કાલીયા કુવા ગામે આડા સંબંધો અંગે વહેમ રાખી મારામારી કરતાં ૩ શખ્સો સામે એટ્રોસીટી ફરિયાદ

ઈસરી, તા. ૨૩

મેઘરજ તાલુકાના કાલીયા કુવા ગામે ચારિત્ર પર શંકા રાખી મારામારી કરી જ્ઞાતિ વિષયક અપમાનિત ગાળો બોલતાં મેઘરજ પોલીસમાં ૩ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

મેઘરજ પોલીસમાં નોંધાયેલ ફરિયાદ મુજબ તાલુકાનાં કાલીયા કુવા ગામે રહેતાં શાંતાબેન કેશાભાઈ ભંગી ગત તારીખ ૧૪ ના રોજ તેમના જૂના ઘરે તેમનાં સાસુના ખબર-અંતર કાઢવા ગયા હતા. પરત આવી રહ્યા હતા તે દરમિયાન રસ્તા પર ગામના જ મણી રત્નાજી બારીયા અને નરેન્દ્ર રત્નાજી બારીયાએ તેમના પરિવારના સભ્ય સાથે કેમ સંબંધ રાખો છે તેમ કહીને શરીરે ગડદા પાડુનો માર માર્યો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી અને રત્નાજી ભેમાજી બારીયાએ જ્ઞાતિ વિરુદ્ધ અપમાનિત ગાળો બોલતાં ઘરે પહોંચીને શાન્તાબેને સમગ્ર ઘટનાની હકીકત તેમના પતિને કહી હતી. શાંતાબેનને શરીરે દુખાવો હોઈ ૧૦૮ દ્વારા મેઘરજ સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી.

આ સમગ્ર મામલો સામાજિક ધોરણે ઉકેલવાનો પ્રયત્ન કરતાં ઉકેલ ના આવતાં ગત તારીખ ૨૨ના રોજ મેઘરજ પોલીસ સ્ટેશને ૩ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી. મેઘરજ પોલીસે ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩(૧) ૧૦ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વાર્ષિક ફલાદેશ સાથેના જન્માક્ષરમાં દર્શાવેલી હકીકત અક્ષરસ : સાચી પડ્યાનો પરિજનોનો દાવો

મોડાસા, તા. ૨૩

કાલે શું થશે કોઇ જાણતું નથી, પરંતુ જિંદગીભર પોતાની સાથે શું બનશે, શિક્ષણ, નોકરી વ્યવસાય, આરોગ્ય અને પરિવાર કેવો છે અને રહેશે એવું ભવિષ્ય જાણવાની ઉત્કંઠા માનવ માત્રને રહેલી હોય છે. મોડાસાના એક સોની પરિવાર પાસે બહુમૂલ્ય ચીજની જેમ જાળવી રખાયેલી ૮૭ વર્ષ જૂની અને આશરે ૪૦ ફૂટ લાંબી જન્મપત્રિકાએ કુતૂહલ સર્જયું છે.

મોડાસા તાલુકાના કોકાપુર (વણીયાદ) ગામે સને ૩-૧૧-૧૯૨૮ના રોજ સોની પરિવારમાં અમૃતભાઇનો જન્મ થયો અને પિતા ફતેચંદભાઇએ પુત્રનું ભવિષ્ય જાણવા ગામના વિદ્વાન જયોતિષાચાર્ય શીવરામભાઇ ત્રિવેદી પાસે પુત્રના જન્માક્ષર તૈયાર કરાવ્યા. સામાન્યતઃ ગ્રહો અને દશાઓમાં વિશ્વાસ ધરાવતા અને જયોતિષશાસ્ત્રમાં શ્રદ્ધા ધરાવતા રહીશો પોતાના સંતાનોના જન્માક્ષર જન્મ વર્ષે કઢાવતા હોય છે. અને કઇ વિધિ જરૂરી છે, કયો ગ્રહ નડે છે, શું કરવાથી શું ફાયદો થશે તેવું ફળકથન મેળવી જરૂરી ઉપાયો પણ હાથ ધરાય છે. પરંતુ અમૃતલાલ સોનીની અજોડ એવી ૪૦ ફૂટ લાંબી અને વિશિષ્ટ જન્મપત્રિકા જોઇ જોનારા દંગ રહી જાય છે.

### લોકો જન્માક્ષર જોવા આવે છે

નગરનીઅમરદીપ સોસાયટીમાં રહેતા હરીકીશનભાઇ સોની અને પત્ની સીમાબેન ૮૭ વર્ષ જૂની અને ૪૦ ફૂટ લાંબી પિતાજીની જન્મપત્રિકા બતાવતાં ગૌરવ અનુભવે અને આવા અજોડ જન્માક્ષર જોવા આવનારને પુત્રી બંસરી અને પુત્ર માનવ ઉત્સાહભેર બતાવે છે.

### ૧ ફૂટ પહોળી છે જન્મપત્રિકા

અંદાજે ૪૦ ફૂટ લાંબી અને ૧ ફૂટ પહોળી જન્મપત્રિકાના ઉપયોગમાં લેવાયેલો કાગળ વિશિષ્ટ પ્રકારનો છે. જયારે વનસ્પતિમાંથી બનાવાયેલી શાહી વડે બરૂની કલમથી સંપૂર્ણ સંસ્કૃતમાં લખાયેલી જન્મપત્રિકા આજે ૮૭ વર્ષે પણ સુરક્ષિત રહી છે.



### જન્માક્ષર મુજબ દાદાનું ૭૭ વર્ષની વયે અવસાન

જન્મપત્રિકા અંગે હરીકીશનભાઇ સોનીએ જણાવ્યું કે, જન્મપત્રિકામાં જણાવ્યા મુજબ મારા પિતાના બે વાર લગ્ન થયા હતા અને જન્માક્ષરમાં જણાવ્યા મુજબ તેમનું ૭૭ વર્ષની વયે અવસાન થયું હતું. સંપૂર્ણ સંસ્કૃતમાં લખાયેલી જન્મ પત્રિકામાં જન્મ લગ્ન, નવમાંશ, દશાંશ, કુંડળીઓથી માંડી વાર્ષિક ફલાદેશ અને પળ, પ્રતિબળ જેવું માઇક્રો ઓબ્ઝર્વેશન કરાયું છે.

# જાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા મંડળ ડીસા ગ્રાહક જાગૃતિ સપ્તાહનો પ્રારંભ કરાયો

ડીસા, તા. ૨૩

જાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા મંડળ વતી પ્રીતેશ શર્મા એક અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રતિવર્ષ ગુજરાત સરકાર અને ગ્રાહક સુરક્ષા મંડળો ૨૪ મી ડીસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસના ઉપલક્ષ માં ગ્રાહક સુરક્ષા સપ્તાહ ની ઉજવણી કરી લોક જાગૃતિની અહેલક જગાવે છે. ગુજરાત ની જાણીતી ગ્રાહક હિત, હક્ક રક્ષક સંસ્થા શ્રી જાગૃત નાગરિક છેલ્લા ૧૨ વર્ષ થી અગ્રેસર રહી સપ્તાહ દરમ્યાન સેમીનાર, શિબિર, પરિસંવાદ, રૈલી, પેમ્પલેટ વિતરણ, નિબંધ સ્પર્ધાઓ, તાલીમ વિગેરે ના કાર્યક્રમો મોટા પાયે કરે છે. આ વર્ષે તા ૨૧/૧૨/૨૦૧૫ થી ૩૧/૧૨/૧૫ દરમિયાન બનાસકાંઠાના પાંથાવાડા ,દાંતીવાડા, ડીસા લાખણી , ધાનેરા, દિયોદર ભાભર ,દાંતા, અમીરગઢ, અંબાજી, વડગામ વિગેરે તાલુકા માં તેમજ અરવલ્લી જીલ્લા ના મોડાસા અને શામળાજી અને પાટણ જીલ્લામાં વિવિધ કાર્યક્રમ યોજશે.

# પાલનપુરમાં ગાંધીજીના જીવનચરિત્ર વિશે પ્રદર્શન

પાલનપુર, તા. ૨૩

પાલનપુર ખાતે આવેલ વિધામંદિર સ્કુલમાં રાષ્ટ્રપિતા પૂજય મહાત્મા ગાંધીજીના સમગ્ર જીવનચરિત્ર વિશે અત્યંત સુંદર -દર્શન યોજવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીના બિરલા ભવન સ્થિત બિરલા મ્યુઝીયમ ધ્વારા રવિવાર તા.૨૦ ડિસેમ્બરથી ૪૦ દિવસ સુધી એટલે કે તા.૩૦ જાન્યુઆરી સુધી આ -દર્શન જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે. ગાંધીજીના સમગ્ર જીવનચરિત્રની વિસ્તૃત જાણકારી આપતા આ પ્રદર્શનને જિલ્લાના નાગરિકો તથા શાળાકોલેજના વિધાર્થીઓ વિશાળ સંખ્યામાં નિહાળી શકે તે માટે મિડીયાને માહિતી આપતાં વિધામંદિર ટ્રસ્ટના કાર્યકારી નિયામક હસમુખભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે ઈટર્નલ ગાંધી એક્ઝીબીશન આદિત્ય બિરલા ગ્રુપ ધ્વારા બનાવવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આજની યુવા પેઢીને મલ્ટી મિડીયા -દર્શન ટેકનોલોજી ધ્વારા ગાંધીજીના વિચારો, મૂલ્યો તેમના જીવનની -રણાદાયી બાબતોથી યુવા પેઢી સારી રીતે માહિતગાર બને તે માટે વિધામંદિર સ્કુલમાં આ -દર્શન યોજવામાં આવ્યું છે. તેમણે એમ કહ્યું કે આ અધતન -દર્શન સમગ્ર દેશમાં ગણતરીમાં થોડાંક સ્થળોએ જ યોજાય છે. જેમાં બનાસકાંઠા જિલ્લાને પણ આ વખતે લાભ મળ્યો છે.